આદર્શ નિવાસી શાળા પ્રવેશ પરીક્ષા ૨૦૨૩

## પરીક્ષા અંગેની સુચના

૧. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ માં પ્રવેશ મેળવવા માંગતા છાત્રો *https://ans.orpgujarat.com* આ વેબસાઇટ ઉપરથી ઓનલાઇન અરજી કરી કરી શકશે. અરજી કરવા માટે આ વેબસાઇટ તા.૨૧/0૩/૨0૨૩ ના રોજ બપોરે ૧૨.00 કલાકે ખુલશે તેમજ તા.0૬/0૪/૨0૨૩ ના રોજ સાંજના ૧૮.00 કલાકે બંધ થશે.

૨. પરીક્ષા કેન્દ્રો ધરાવતા જીલ્લા અને તાલુકાની યાદી તેમજ અનુસૂચિત જનજાતિની ૭૫ આદર્શ નિવાસી શાળાઓની નામ / સરનામાની વિગતવાર યાદી ઉપરોકત વેબસાઇટ તેમજ નિયામકશ્રી આદિજાતિ વિકાસની વેબસાઇટ *https://comm-tribal.gujarat.gov.in* પર ઉપલબ્ધ છે.

૩. ઓનલાઇન અરજી ફોર્મ ભરતા પહેલા ઉમેદવારે અરજી ફોર્મ ભરવા અંગેની જરૂરી સુચનાઓ તેમજ પરીક્ષા કેન્દ્રના જીલ્લા અને તાલુકાની યાદીનો અભ્યાસ કરીને જ ઓનલાઇન અરજી ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

૪. ઉમેદવારે તેઓની શાળાના આચાર્યશ્રી પાસેથી શાળામાં નોંધાયેલ ધોરણ ૮ ના છાત્ર તરીકેનો ૧૮ અંકડાનો આધાર ડાયસ નંબર ( **Student U-DISE Number** ) મેળવીને ઓનલાઇન અરજી ફોર્મમાં દર્શાવેલ જગ્યાએ લખવાનો રહેશે, જેથી અરજી ફોર્મમાં મોટાભાગની વિગતો આપોઆપ જ ભરાઇ જશે.

૫. ઉમેદવારે અનુકૂળ પરીક્ષા કેન્દ્રના જીલ્લા અને તાલુકાની પસંદગી ચોકસાઇ પૂર્વક કરવાની રહેશે, પછીથી તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહીં.

૬. અરજી ફોર્મમાં ફોટો તેમજ સહી માટેની દર્શાવેલ જગ્યામાં ઉમેદવારનો ફોટો તેમજ સહી જેપીજી ફોર્મેટમાં **(20KB** સુધીની) અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ સંપર્ણ અરજી ફોર્મ ભરીને ઓનલાઇન સબમીટ કરવાનું રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મ સાથે અન્ય કોઇપણ દસ્તાવેજો/ પ્રમાણપત્રો અપલોડ કરવાના નથી.

૭. ઓનલાઇન અરજીફોર્મમાં ઉમેદવારે પસંદ કરેલ જીલ્લો અને તે જીલ્લાનો પસંદ કરેલ તાલુકો ધ્યાને લઇ જે તે તાલુકાના કોઇ એક પરીક્ષા કેન્દ્રમાં ઉમેદવારની ફાળવણી કરવામાં આવશે. જેનું પ્રવેશપત્ર (હોલ ટીકીટ) ઉમેદવારે ઉપરોકત વેબસાઇટ *https://ans.orpgujarat.com* પરથી જ સમયસર ડાઉનલોડ કરી લેવાનું રહેશે. પ્રવેશપત્ર (હોલ ટીકીટ) પ્રસિધ્ધ કરવાની તારીખ વેબસાઇટ ઉપર તા.૧૧/0૪/૨0૨૩ પછીથી જાહેર કરવામાં આવશે. પ્રવેશપત્ર (હોલ ટીકીટ) ડાઉનલોડ કરવામાં કોઇ મુશ્કેલી જણાય તો પોતાની શાળાના આચાર્યશ્રી અથવા નજીકની આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીનો સમ્પર્ક કરવાનો રહેશે.

૮. પ્રવેશપત્ર પર વિધાર્થીનું નામ, બેઠક નંબર અને પરીક્ષા કેન્દ્રનું નામ લખેલું હશે. આ બાબતે કોઇ મુશ્કેલી જણાય તો આપને ફાળવેલ પરીક્ષા કેન્દ્ર (શાળા) ના આચાર્યશ્રીનો સંપર્ક કરવો.

૯. પરીક્ષાના દિવસે **(૨૩-એપ્રિલ-૨૦૨૩, રવિવાર) ૧૪:00 કલાકે** પરીક્ષા સ્થળે પહોંચી જવાનું રહેશે. પરીક્ષાનો સમય બપોરના ૧૫.00 થી ૧૭.00 કલાક સુધીનો રહેશે, પ્રાવેશિક પરીક્ષા ધોરણ ૮ ના અભ્યાસક્રમને અનુલક્ષીને લેવાશે, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી છે. પ્રશ્નપત્રમાં ભાષા કૌશલ્ય ક્ષમતા (અંગ્રેજી / ગુજરાતી / હિન્દી), ગણિત, વિજ્ઞાન તેમજ બુધ્ધિમત્તાને લગતા વિષયોમાંથી વૈકલ્પિક પ્રશ્નો પુછવામાં આવશે. પરીક્ષા ઓ.એમ.આર **(O M R)** પધ્ધતિથી લેવામાં આવશે, તેમજ પ્રશ્નપત્ર લખવા માટેનો કુલ સમય ૨:00 કલાક નો રહેશે.

૧૦. પરીક્ષા કેન્દ્ર પર બેઠક નંબર મેળવવામાં મુશ્કેલી જણાય તો આચાર્યશ્રી / પરીક્ષકશ્રીનો સંપર્ક કરવો.

૧૧. પરીક્ષા હોલમાં વિદ્યાર્થીએ કોઇ પણ પ્રકારનું સાહિત્ય તેમજ મોબાઇલ ફોન સાથે રાખવાનાં નથી. જો તેમ કરતાં પકડાશે, તો પરીક્ષા માટે ગેરલાયક ઠરશે, તેમજ ઉમેદવારી રદ કરવામાં આવશે.

૧૨. વિદ્યાર્થીએ **પ્રવેશપત્ર પરીક્ષા સમયે તેઓની સાથે રાખવાનું રહેશે.** પ્રવેશપત્ર વિના પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. તેમજ પરીક્ષા દરમ્યાન અધિકૃત અધિકારીશ્રી તે જોવા માંગે તો બતાવવાનું રહેશે.

૧૩. ઉમેદવારની મેરીટના ધોરણે પસંદગી થયા પછી તેમને આદર્શ નિવાસી શાળાની પસંદગી માટે કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવશે, જેની જાણ ઉમેદવારને અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર વ્હોટસએપથી અથવા એસએમએસ થી કરવામાં આવશે, તે સમયે તમામ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

૧૪. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારની પસંદગી થયેથી તેઓએ કાઉન્સેલીંગ વખતે સિવિલ હોસ્પીટલનું / સમાજ કલ્યાણ કચેરીનું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૫. અનુસુચિત જનજાતિ અને અનુસુચિત જાતિના છાત્રો માટે કોઇ આવક મર્યાદા નથી. જયારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના છાત્રો માટે વાલીની વાર્ષિક આવક રાજય સરકારશ્રી દવારા વખતોવખત નકકી કરવામાં આવે તે મુજબ રહેશે. કાઉન્સેલીંગ વખતે આવકનું અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ ની માન્ય સંખ્યા જેટલી જ સીટો ઉપર પ્રવેશ આપી શકાશે, પ્રાવેશિક પરીક્ષાના મેરીટના ધોરણે તેમજ નિયમોની જોગવાઇ અનુસાર પ્રવેશ આપવામાં આવશે, જયારે બાકીના છાત્રો વેઇટીંગ લીસ્ટમાં રહેશે. એકવાર વેઇટીંગ લીસ્ટ ઓપરેટ થયા પછી પણ જો જગ્યાઓ ખાલી રહેશે ? તો આવી ખાલી જગ્યાઓ વેઇટીંગ લીસ્ટમાં બાકી રહેલ અનુસૂચિત જનજાતિના છાત્રોથી ભરવામાં આવશે.**

**૧૭. અરજીફોર્મ ભરવામાં જો કોઇ વિદ્યાર્થીને મુશ્કેલી જણાય તો સંબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, મદદનીશ કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ) ની કચેરી, આશ્રમશાળા અધિકારીશ્રીની કચેરી, પ્રાયોજના અધિકારીશ્રી-તાલાલાની કચેરી, આદિજાતિ વિકાસ અધિકારીશ્રી-આહવા-ડાંગની કચેરી તેમજ આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીઓનો સંપર્ક કરી શકાશે. અથવા વેબસાઇટ : *https://ans.orpgujarat.com* ઉપર સંપર્ક કરી શકાશે.**

- - - * - - -